ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૨-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

સિંધુરત્ન દુર્ઘટનાના અર્થસંકેત

એક તરફ લોકસભાની સામાન્ય ચૂંટણીઓની ધમાલ છે ને બીજી તરફ સંરક્ષણ જેવા મહત્ત્વના મુદ્દે સરકારી તંત્ર કેટલી બેદરકારી દાખવી રહ્યું છે એવી પ્રત્યક્ષ પ્રતીતિ કરાવતી સબમરીન દુર્ઘટનાઓ બનતી રહે છે. સ્થલસેનાધ્યક્ષે નિવૃત્ત થતાં અગાઉ સેના પાસે અત્યાધુનિક શસ્ત્રો ખૂટતાં હોવાની કબૂલાત કરી હતી. વાયુસેના દ્વારા વર્ષો જૂનાં 'મિત્ર' વિમાનો વપરાતાં રહ્યાં છે, જે આંતરે દિવસે ક્યાંક ને ક્યાંક ક્રેશ થતાં હોવાના સમાચાર મળતા રહ્યા છે. બોફોર્સ તોપ મામલે થયેલ ભ્રષ્ટાચાર જેવો જ ભ્રષ્ટાચાર ઑગસ્ટા હેલિકોપ્ટરોની ખરીદીમાં થવાની શકયતા હતી. એનો ભંડો ફૂટી જતાં આખો સોદો રદ કરાયો છે. ભારતનું સૌથી મોટી રકમનું બજેટ સંરક્ષણ અને ગ્રામવિકાસ ખાતાંને ફાળવાતું રહે છે પરંતુ આ બેઉ ક્ષેત્રે ફાળવાયેલાં નાણાંમાં ભારે ગેરરીતિઓ આચરાતી રહી છે તે હવે કોઈથી અજાણ્યું નથી રહ્યું. સબમરીન દુર્ઘટનાઓની તો પરંપરા જાગી છે. ઑગસ્ટ, ૨૦૧૩માં થયેલી દુર્ઘટનામાં અઢાર નૌસૈનિકોનો ભોગ લેવાયો હતો. છેલ્લે બનેલી દુર્ઘટનામાં બે નૌસેના અધિકારીઓ માર્યા ગયા છે અને બીજા ઘણા મરણતોલ દશામાં ઝોલાં ખાઈ રહ્યા છે. નૌસેનાધ્યક્ષ ડી કે જોશીએ આ દુર્ઘટનાની નૈતિક જવાબદારી સ્વીકારીને પદ પરથી રાજીનામું ધરી દઈ દાખલો બેસાડ્યો છે. સામાન્ય રીતે આવી ઘટનાઓ બન્યા પછી તપાસ સમિતિ નીમી દોષનો ટોપલો નાના માણસોના શિરે ઓઢાડી દેવાતો હોય છે. યંત્ર સંચાલનમાં ખામીનું બહાનું આગળ ધરી દઈ વાતનો વીંટો વાળી દેવામાં આવે છે. પરંતુ સંરક્ષણ વિશેષજ્ઞો અને નિવૃત્ત હોદ્દેદારો કે જેમને સરકારનો ભય નથી રહ્યો અને ગોપનીય બાબતો જાહેર નહીં કરવાના સોગંધ નથી નડતા તે દેશના હિતમાં સાચી વાત રજૂ કરતાં અચકાતા નથી. આવા નિષ્ણાતોના મતે આપણા સબમરીન સંચાલકો પૂરેપૂરી તાલીમ પામેલા હોઈ એમની ભૂલ થવાની શકયતા ખૂબ જ ઓછી રહે છે. દુર્ઘટનાની સ્વતંત્ર એજન્સી મારફત તપાસ કરાવાશે ત્યારે સાચું કારણ જાણવા મળશે. પરંતુ શી ખાતરી કે વહીવટી તંત્ર એ સ્વતંત્ર એજન્સીને પણ પોતાના દોરદમામથી આંજી દઈ આખો દોષનો ટોપલો નૌ સૈનિકો પર નહીં જ ઢોળી દે? ઉચ્ચ નૌસેના અધિકારીઓથી લઈ રક્ષાવિશેષજ્ઞોની માન્યતા છે કે ઘણાં વર્ષોની જૂની સબમરીનો જે વપરાશમાંથી દૂર કરી દેવાની હોય, એમની મશીનરી ખરાબ થઈ જતાં આવી દુર્ઘટનાઓ સરજાતી હોય છે. એમાં યંત્રસંચાલનમાં થયેલ માનવભૂલ કરતાં વધુ જવાબદાર તો એ તંત્ર છે, જે સમયાંતરે જૂની યુદ્ધ સામગ્રીને બદલી નાખી એની જગ્યાએ આધુનિક યુદ્ધ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં અક્ષમ્ય વિલંબ કરે છે. આ કાંઈ ફકત યુપીએ-૧ કે યુપીએ-૨ સરકારોને લાગુ પડતી બાબત નથઈ. આ પ્રથા તો 'આગુ સે ચલી' આવી છે. યુદ્ધ સામગ્રીની ખરીદી વખતે અચૂક વચેટીયા માલ ખાતા રહે છે અને ભારતીય નેતાઓ તથા સંરક્ષણ ખાતાના કારકુનથી માંડી સચિવ સુધી તથા સેનાના વડા સુધી એનો ભાગ વહેંચાતો રહે છે. એમાં મરો થાય છે પેલા નૌસૈનિકનો, જે એના ઘરપરિવારથી માઈલો દૂર દેશનો દરિયો ડહોળતો રહે છે, જળ સરહદોના રક્ષણ માટે સબમરીનોમાં દરિયાનાં પેટાળમાં ઉજાગરા વેઠતો રહે છે. 'સિંધુરત્ન'ને તાજેતરમાં નડેલા અકસ્માત પૂર્વે સાતેક મહિના અગાઉ રશિયામાં આધુનિક યંત્રસામગ્રીથી સુસજ્જ કરીને લાવવામાં આવેલ 'સિંધુરક્ષક' સબમરીનને આગ લાગી હતી. એમાં અઢાર સૈનિકો માર્યા ગયા હતા. આ જ રીતે આઈએનએસ ઐરાવત, આઈએનએસ બેતવા, આઈએનએસ તલવાર, આઈએનએસ સિંધુઘોષ, આઈએનએસ વિપુર, આઈએમએસ કોંકણ અને આઈએનએસ વિરાટ જેવી ઘણી બધી સબમરીનો છેલ્લા સાત મહિના દરમિયાન વિવિધ અકસ્માતોનો ભોગ બનતી રહી છે. નૌસેનાધ્યક્ષ એડમિરલ ડી.કે. જોશીની ઉજ્જવળ કારકિર્દી જોતાં આ દુર્ઘટનાઓ એમના જ કાર્યકાળમાં બની એથી એ વ્યથિત થયા છે અને ભારતીય નૌસેનાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે એ પહેલાં તમામ જવાબદારી પોતાના શિરે લઈ એમણે પદ છોડવું યોગ્ય લેખ્યું છે. હકીકતમાં એડમિરલ જોશીએ હોદો છોડીને સરકારને એની જવાબદારીનું જ ભાન કરાવ્યું છે. એમનાથી જાંબાઝ નૌસૈનિકોની ખુવારી જોઈ જતી નહોતી અને નૌસેનાની આબરૂનું થઈ રહેલું ધોવાણ સહન થતું નહોતું, એથી તેઓ જાતે ખસી ગયા છે. આથી નૌ સેનાનો તૂટી રહેલો જુસ્સો તો જળવાશે, પરંતુ શું રાજીનામાથી નૌસેનાની સમસ્યા ઊકલી જવાની છે? નૈતિક જવાબદારીની રૂએ તો સંરક્ષણ સચિવ અને સંરક્ષણ મંત્રી એ.કે. એન્ટનીએ પણ રાજીનામું આપી દેવું જોઈતું હતું. એન્ટની 'ચોખ્ખા' માણસ છે પરંતુ એમની જવાબદારી અદા કરવામાં ઊણા ઊતર્યા છે એની ના નહીં જ કહી શકાય. લાલબહાદુર શાસ્ત્રીએ ૧૯૫૬માં થયેલ રેલવે અકસ્માતને પહલે મંત્રીપદેથી રાજીનામું આપી દઈ અનુકરણીય દાખલો બેસાડયો હતો તે એન્ટનીને યાદ જ હશે.

કોલેજના આચાર્ય અને અધ્યાપકોને ચુકવણી થશે

બાકી એડીએસની ચુકવણી માર્ચના અંત સુધીમાં કરાશે

શિક્ષણ વિભાગ દ્વારા ચૂકવણી સંદર્ભે મોકલવામાં આવેલી દરખાસ્તને માનવ સંસાધન વિકાસ દ્વારા સ્વીકારી લેવાઈ

અમદાવાદ, તા.૨૭

રાજ્યની વિવિધ કોલેજોના આચાર્યો અને શિક્ષકોના એડીએસના નાણા મુદ્દે સર્જાયેલ વિવાદ ઉકેલવાના સંકેતો મળી રહ્યા છે. મળતી માહિતી મુજબ છઠ્ઠા પગાર પંચના ડિફર્ન્સના નાણા એટલે કે એડીએસ માર્ચ મહીનાના અંત સુધીમાં ચુકવી દેવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા નાણાં વિભાગને આ ચુકવણી કરવા માટે મોકલેલી દરખાસ્ત માનવસંશાધન મંત્રાલય દ્વારા સ્વીકારી લેવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને છઠ્ઠા પગાર પંચના અમલ બાદ તા. ૧-૧-૨૦૦૬થી ૩૧-૩-૨૦૧૦ સુધીના સમયગાળાના એરિયર્સના રકમ હજુ સુધી ચુકવવામાં આવી નથી. આ રકમમાં ૮૦ટકા ભાગ કેન્દ્ર સરકારે ચુકવવાનો હોય છે જ્યારે ૨૦ ટકા ભાગ રાજ્ય સરકારે ચુકવવાનો હોય છે. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા નાણા ન ચુકવાતા રાજ્યના શિક્ષણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ કેન્દ્ર સરકારના માનવ વિકાસ સંશાધન મંત્રાલયને પત્ર લખીને શત્વરે નાણા ચુકવવા માંગ કરી હતી. આ દરખાસ્તને માનવ વિકાસ સંશાધન મંત્રાલય દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. અને રાજ્યની કોલેજોના આચાર્ય અને અધ્યાપકોને છઠ્ઠા પગાર પંચના બાકી ૮૦ટકા એડીએસના નાણા માર્ચ મહીનાના અંત સુધી ચુકવવાની ખાત્રી આપી છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારના ઠરાવ પ્રમાણે એડીએસના કુલ નાણામાંથી આવતી વીસ ટકા રકમ ચુકવી દેવામાં આવી છે પરંતુ કેન્દ્ર સરકારે બાકીની ૮૦ટકા રકમ આપી ન હોવાના કારણે છેલ્લા બે મહિનાથી અધ્યાપકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

સેનેટ-વેલ્ફેરની ચૂંટણી અંગે આજે મહત્વનો નિર્ણય કરાશે

અમદાવાદ, તા.૨૭

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટ અને બોર્ડ ઓફ વેલ્ફેરની ચૂંટણીમાં મતદાન અને મતગણતરીનાં સમયે ભજવાયેલ ભવાઈનાં આદ્યાતમાંથી યુનિવર્સિટી તંત્ર ધીરે ધીરે બહાર આવી રહ્યું છે. હવે આ અંગે કયા વિકલ્પો અજમાવી શકાય તે માટે યુનિવર્સિટીનાં સત્તાધીશો દ્વારા ચર્ચા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ફરીથી મતદાન યોજવું કે થયેલ મતદાનની ગણતરી કરી પરીણામે જાહેર કરવા તે અંગે નિર્ણય કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સેનેટ અને વેલ્ફેર બોર્ડની ચૂંટણી લોકસભાની ચૂંટણીને પણ શરમાવે તેવી ઉગ્ર બની ચુકી છે. વિદ્યાર્થી સેનેટની ચૂંટણીની મંગળવારે યોજાયેલી મતગણતરીમાં એબીવીપી અને એનએસયુઆઈના કાર્યકરો વચ્ચે જે હદે છુટા હાથની મારામારીના વરવા દ્રશ્યો જોવા મળ્યા તે જોઈને શિક્ષણ જગત પણ સ્તબ્ધ છે. આ અથડામણને ટાળવા માટે પોલીસે કરેલા લાઠીચાર્જની ઘટના બાદ મામલો શાંત પડી ગયો હતો. યુનિવર્સિટી કેમ્પસમા વિદ્યાર્થી નેતાઓ ફરતા જોવા મળતા હતા. કોઈએ હજી સુધી આ મામલે સત્તાવાર રીતે કુલપતિને રજુઆત કરી નથી, પણ બિનસત્તાવાર રીતે બંને વિદ્યાર્થી પાંખો સત્તાધીશો પર દબાણ લાવવા પ્રયાસ કરી રહી છે. આ મામલે કાનૂની અભિપ્રાય આવી ગયો છે, પણ ફેરમતદાન કરાવવું કે ફેરમતગણતરી તેની સત્તાવાર જાહેરાત હતું કે યુનિવર્સિટીના ઈતિહાસમાં વિદ્યાર્થી સેનેટની ચૂંટણીમાં ભાગ્યે જ જોવા મળતી તોફાન અને પોલીસ લાઠીચાર્જની ઘટના બાદ કેમ્પસમાં એસઆરપી, પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હતો. આ વિખવાદ જે મામલે થયો તે ઓપન બેલેટ બોક્સના મામલે યુનિવર્સિટીએ કાનૂની અભિપ્રાય મંગાવ્યો હતો, જે મોડી બુધવારે સાંજે આવી ગયો હતો ત્યારબાદ પણ કોઈ સત્તાવાર નિર્ણય જાહેર કરાયો નહોતો. અમારી સમક્ષ ફેરમતગણતરી કે ફેરમતદાનમાંથી કોઈ એકનો વિકલ્પ રહેલો છે. તેમાંથી કયો વિકલ્પ અપનાવવો આ અંગે નિર્ણય આવતીકાલે બેઠકમાં લેવામાં આવશે. અને તેનાં અનુસંધાનમાં આગામી રવિવારે મતદાન કે મતગણતરી યોજવામાં આવશે.

રંગોલી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેક્ટર-૬, ૭, ૨૨ અને ૨૯ની રંગોલી નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૨જી માર્ચ, રવિવાર, સાંજે ૬.૦૦ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં ભૂલકાઓ પોતાની કાલીઘેલી અને આગવી અદામાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે. આ પ્રસંગે સ્કૂલ પરિવાર અને મોટી સંખ્યામાં બાળકોના વાલી ગણ ઉપસ્થિત રહેશે.

આજથી સ્કૂલ ઓફ એચિવરનો ચોથા વાર્ષિકોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના કુડાસણ ખાતે આવેલ વિખ્યાત સ્કૂલ ઓફ એચિવરનો ચતુર્થ વાર્ષિકોત્સવ આવતીકાલથી પ્રારંભ થશે. આ વાર્ષિકોત્સવના બે દિવસના કાર્યક્રમ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક અને રચનાત્મક કાર્યક્રમો યોજાશે.

'આજ, એક ઓર નયા મુકામ...'ના શિર્ષકથી યોજાનાર એચિવર સ્કૂલના ચતુર્થ વાર્ષિતોકસવમાં પહેલા દિવસે વિદ્યાર્થીઓ દ્વારા ગાયન, વાદન અને નૃત્ય સાથે અભિનયની અભિવ્યક્તિનો રંગારંગ કાર્યક્રમ રજૂ કરાશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં કૂકડા ડાન્સ, ફની-ટમી, વેસ્ટર્ન વિ. ગુજરાતી અને પેરેન્ટસ પરફોર્મન્સનો પણ સમાવેશ કરાયો છે. સ્કૂલના વાર્ષિકોત્સવમાં વાલીઓ પણ તેમની કળાનુ પ્રદર્શન કરે તેનાથી ખૂબજ સુખદ આશ્ચર્ય સર્જાયુ છે.

કાર્યક્રમના બીજા અને અંતિમ દિવસે પણ રેટ્રો ડાન્સ,લુંગી ડાન્સ, કોમેડી નાઈટ્સ વીથ જેઠાલાલ, વે ઓફ હેલ્ધી લાઈફ, મધર-ધ એસેન્શીયલ ફેક્ટર ઓફ લાઈફ અને પપેટ રાસ જેવા ઉત્સુકતાજનક કાર્યક્રમો યોજાનાર છે.

જી.આઈ.પી.સી. સ્કૂલનો વાર્ષિતોકસવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક રાંધેજા સ્થિત ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા આગામી ૩ માર્ચ ૨૦૧૪ના રોજ બપોરે ૨.૧૫ કલાકે ટાઉનહોલ સે. ૧૭ ખાતે નવમા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જી.આઈ.પી.એસ. આયોજીત સાગા ઓક સેન્ટસ નામના વાર્ષિતોકસવમાં મુખ્ય મહેમાન પદે પદ્મશ્રી પુરસ્કૃત અને અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહેશે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગણેશવંદના, ભક્તિ ધ્રુવ જેવા વિવિધ નાટકો, તેમજ અલગ-અલગ પ્રકારના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. તેમ સંસ્થાના આયોજકોએ જણાવ્યું હતું.

લલિતકલા એકેડમીનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

કડી કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડમીનો વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૧૪ શેઠશ્રી ખીમજી વિશરામહોલ ખાતે ડાહીબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

નગરના સેક્ટર-૨૩ ખાતેની આર.એન. લલિતકલા એકેડમીનો વાર્ષિક ઉત્સવ સાધના-૨૦૧૪ ગઈ તા. ૨૩ના રોજ યોજવામાં આવ્યો હતો. વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ કથક, ભરત નાટ્યમ્, શાસ્ત્રીય ગાયન, વેસ્ટર્નડાન્સ, મ્યુઝિક, ફોક ડાન્સ, સ્કેટીંગ, કરાટે શાસ્ત્રીય-ગાયન વાદન સહિત ૨૧ કૃતિઓની રજુઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, ભગિની સંસ્થાના આચાર્ય બચુભાઈ પટેલ, ચીનુભાઈ પટેલ, સંચાલિકા દિનાબેન ડોડીયા સહિત શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

હા આ તમારું જ ઘર છે... ભક્તિ અને પ્રસાદ વધુ પ્રમાણમાં થઇ ગયું લાગે છે...

વાલમ બ્રાહ્મણ સમાજનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાયત્રી પરિવાર લંડન દ્વારા વાલમ બ્રાહ્મણ સમાજના પરિવારના બાળકોને શૈક્ષણિક સહાય અર્થે રોકડ રકમ પુરસ્કાર તા. ૨જી માર્ચ રવિવાર, ખોડિયાર નગર વિદ્યાનિકેતન હાઈસ્કૂલ અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

ગાયત્રી પરિવાર લંડનના કનકભાઈ વ્યાસ અને પ્રેમીલાબેન વ્યાસ દ્વારા લંડનમાં વસતા કર્મકાંડી બ્રાહ્મણોએ યજ્ઞ કે ધાર્મિક કાર્ય નિમિત્તે દાન-દક્ષિણા મળે છે તે રકમને ગુજરાતમાં વસતા વાલમ બ્રાહ્મણ પરિવારોમાં ફાળવવામાં આવે છે. જરૂરતમંદ સમાજના જ્ઞાતિજનોએ ભાવેશ પંડ્યા અમદાવાદ અને સુર્યકાન્ત પુરોહિત વડોદરા અથવા ટે. નં.૦૨૬૫-૨૪૮૨૮૪૪પર સંપર્ક કરવા જણાવ્યું છે.

વચગાળાનો આ વર્તારો

ડોસાએ દઘકાવી ધૂણી,
પારોરામાં પહેલી પૂણી.
ઠેર ઠેર જામ્યાં કંઇ સૂબા,
બાબુલોગ ઘડે મનસૂબા.
બડે લોક સ્પેક્ટ્રમસે રાજી,
છોટે લોક કરે ઇતરાજી.
કરી ગયા એ છટકી જાતા,
અક્ષર પાડે એ પકડાતાં...
આવું તો લાંબુ શે ચાલે ?
સજા એકને, દૂજો મ્હાલે!
સત્તા ભેળા ભળ્યા માફિયા,
જેમ ગઝલમાં હોય કાફિયા.
આભ-ધરા તે લૂંટયા દરિયા,
ખૂટ્યા ખેડુ, મૂઆ અગરિયા.
થર્ડ ફ્રન્ટના ચડ્યા ગુબારા
બે-શર્મીના નવતર નારા.
જુઓ દેશની કરમકહાણી-
રાજ કરે પરદેશી રાણી.
સેક્કુલરને આવે સમણાં
પેલ્લાં કરતાં ભમણાં-તમણાં.
વિકાસની વાતોનાં વડાં,
બેઠાં થયાં મસાણે મડાં.
પણ સમસમવું લોક વિમાસે;
ભલે ચૂંટણી આવી ભાસે,
દિલ્લીમાં તો 'આપ' તરાપો,
કાલ દેશનો પડશે વારો?
ફૂટી નીકળી નવી આપ-દા,
બધા મૂરતિયા થયા સાબદા.
ધરાઇને બેઠા'તા - ડૂબ્યા,
ઓડકાર ખાવાનું ભૂલ્યા.
ઘાંઘા થઇને કમ્મર કરી,
હસવા ખાતર લીધું હસી.
'મતવાલા'તો વેરવિખેર,
જીતી જાશું સદાળી પેર
કર્યા ભાગલા-ખંધા ખેલ,
બાપ, હવે તો પડતા મેલ.

લોક નર્યું અચરજ ભાળે, આ કેવી હુસાં-તૂસી!
બોલ્યાનો વ્યહાર ન'તો ત્યાં ચાલી કાના-ફૂસી.
આવો નરવા-ગરવા લોક
ફોગટિયળે કરીએ ફોક.
થોડું કનડે મીડિયા ને ઝાઝું કનડે 'આપ,'
હતો 'આમ' જે કાલે લગ, થયો બાપનો બાપ!
દિવસ ઊગશે એવા કારી-
બધાં મલીખાં જશે ઉતારી
વચગાળાનો આ વર્તારી,
ભલે અધૂરા, બે સહિયારો.
પણ મોટી છે ખોટ ખાટલે,
સાચું નહિં કળાય ચાટલે
ટૂંકા સ્વસ્થ, ટૂંકી મતિ -
કેમ સાધશે નોખી ગતિ!

- હરિકૃષ્ણ પાઠક

અતીતના આયનામાં ખોવાઈ ગયેલી શહીદ વીરાંગના, ઝલકારી બાઈ

પ્રસંગસર

- ભાનુપ્રસાદ પુરાણી

અતીતના ઈતિહાસમાં કંઈ કેટલાંયે ઉદાત્ત અને વીર પાત્રો વિસ્મરણની ખાઈમાં ખોવાઈ ગયાં છે અથવા કહો કે ઉપેક્ષિત રહ્યા છે. બિરસા મુન્ડા, સિધ્ધુ કાન્હુ, રામપત, ગોવિંદસિંહ ગુરુ, ઉદા દેવી અને વાલ્મિકી સમાજના માતા દીન જેવાં વીર પાત્રોને ઈતિહાસના પડદા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. એમાંનું એક પાત્ર એટલે સ્વામી ભક્ત શહીદ ઝલકારી બાઈ

આપણે યાદ રાખીએ કે સને ૧૮૫૭નો સંગ્રામ એ સંપૂર્ણ લોકસંગ્રામ ન હતો. ક્યાંક સત્તા મેળવવા માટે કે સત્તા ટકાવી રાખવાની વ્યક્તિગત લડાઈ હતી જેને અંગ્રેજોએ શક્તિ અને કુનેહથી નિષ્ફળ બનાવી દીધી હતી. ત્યારે અને ત્યાર પછી પણ અંગ્રેજ સત્તાની ભાટાઈ કરનારા આ દેશમાં ઓછા ન હતા. આજે ય ક્યાં નથી?

વીરાંગના ઝલકારીબાઈનો જન્મ ઉત્તર પ્રદેશના ઝાંસી રાજ્યના ભોજલ નામના નાનકડા ગામમાં ૨૨ નવેમ્બર ૧૮૧૦ના રોજ થયો હતો. એમની માતાનું નામ ચમુના અને પિતાનું નામ સદિયા હતું. દલિત ગણાતી કોરી જાતિમાં તેમનો જન્મ થયો હતો. આર્થિક રીતે અભાવગ્રસ્ત કુટુંબ મહેનત મજૂરી કરીને ગુજરાન ચલાવતું હતું. જંગલમાંથી લાકડાં કાપી લાવવાને તેને વેચવાં તેમાંથી ઘરનો ચૂલો સળગતો હતો. બાળપણમાં ઝલકારી ઘણી જ નટખટ અને તોફાની છોકરી હતી. સાહસિક અને તેજસ્વી પણ ખરી! પોતાનાં માતા-પિતા અને ગામવાસીઓને એ ગમતી એ તેમની સાથે જંગલમાં લાકડાં કાપવા પણ જતી ૧૨ વર્ષની કિશોરી વયે એક દિવસ એ જંગલમાં ગઈ લાકડાંનો ભારો માથે મૂકીને ઘર તરફ પાછી ફરી રહી હતી. સાથીઓથી એ થોડી પાછળ રહી ગઈ હતી.

રસ્તામાં તેને એક વિકરાળ વાઘનો ભેટો થઈ ગયો. લાકડાંનો ભારો નીચે ફેંકી દઈને એણે એક મજબૂત લાઠી ઉઠાવીને એની પર જીવલેણ હુમલો કરનાર વાઘને બહાદુરીથી સામનો કર્યો. સમય નાજુક હતો. વાઘ વધારેને વધારે ક્રૂર થતો જતો હતો. એ સીધો ઝલકારી પર ત્રાટક્યો. હવે શું કરું? એને માટે જીવન મરણનો ખેલ હતો. સાવધાની પૂર્વકે એણે એક લાંબુ મોટું લાકડું જોર કરીને વાઘના મોઢામાં ખોસી દીધું. વાઘ તરફડતો નીચે પડયો અને મરણને શરણ થઈ ગયો. મરી ગયેલો વાઘને ખભે નાંખીને વીરાંગના ઝલકારીબાઈ પોતાના ગમે પહોંચી. બસ, ત્યારથી એ વિસ્તારમાં ઝલકારી બહાદૂર વીરાંગના તરીકે જાણીતી થઈ ગઈ. એટલું જ નહીં એનું આખું ગામ અને કુટુંબ એના માટે ગૌરવ લેતું થઈ ગયું.

માત્ર ૧૩ વર્ષની નાની ઉંમરમાં જ તેનાં લગ્ન ઝાંસીના પૂરનમલ કોરી સાથે થયાં. ઝલકારીનો પતિ પૂરનમલ ઝાંસીના લશ્કરમાં સૈનિક તરીકે હતો. પૂરનમલ તીર-તલવાર ચલાવવામાં ખૂબ જ નિપૂર્ણ હતો. એણે પોતે ઝલકારીને પણ તીર-તલવાર ચલાવતાં શીખવી દીધું અને એ કલામાં પણ ઝલકારી ઝળકી ઊઠી.

વસંતઋતુમાં ઝાંસીમાં પરંપરાગત રીતે એક મેળો યોજાતો હતો અને એ મેળામાં ઝાંસીની રાણી સ્વયંમ લક્ષ્મીબાઈ ઉપસ્થિત રહીને નવપરણીત યુગલો સાથે પરિચય કેળવતાં હતાં. મેવામાં ઝલકારી અને પૂરનતદ્દન સાદા-જૂનાં સાધારણ કપડાં સાથે હાજર રહ્યા હતાં. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ નવપરણિતોને માથે હળદર ચંદનનો લેપ લગાવી તેઓનું અભિવાદન કરી પરિચય મેળવતાં હતાં.

ઝલકારીબાઈ અને પૂરનનો વારો આવતાં રાણી લક્ષ્મીબાઈએ ઝલકારીને માથે હળદર-ચંદનનો લેપ કરતાં તેના પતિ પૂરન વિશે જાણકારી મેળવી. પૂરન ઝાંસીના લશ્કરમાં સૈનિક તરીકે તો હતો જ એની વીરતા શૌર્યની વાત રાણી લક્ષ્મીબાઈએ સાંભળી પ્રસન થયાં.

ઝાંસીના રજા શિવરાજ ભાઉના ત્રીજા પુત્ર ગંગાધર રાવને અંગ્રેજોએ ગાદી સોંપી પણ થોડા જ દિવસો પછી ૨ નવેમ્બર ૧૮૫૬ની સાલમાં અચાનક ગંગાધર રાવનું મૃત્યુ થયું. લક્ષ્મીબાઈ યુવાન વયે વિધવા બન્યાં. હિન્દુ પરંપરા મુજબ લક્ષ્મીબાઈએ માથાનું મુંડન કરાવી જીવન વ્યતીત કરવું રહ્યું. એમણે કાશીએ જઈને માથાનું મુંડન કરાવ્યું. પણ અંગ્રેજોની દાનત સ્પષ્ટ હતી. રાજયને હડફ કરી લેવાની.

નિ:સંતાન લક્ષ્મીબાઈએ વિચાર્યું કે ઝાંસીનો રાજા હવે કોણ બનશે? અરે! અઢળક સંપત્તિનો માલિક પણ..! એણે દામોદર નામના એક નાનકડા બાળકને દત્તક લીધો પણ અંગ્રેજોએ એ બાળકને વારસા કે રાજા તરીકે સ્વિકારવાનો ઈન્કાર કરી દીધો. બસ અહીંથી જ લક્ષ્મીબાઈની અંગ્રેજો સાથેની સંઘર્ષયાત્રા શરૂ થઈ ગઈ. સંગ્રામની, પણ યાદ રહે કે આ રાષ્ટ્રની મુક્તિ માટેની લડાઈ ન હતી આ તો માત્ર પોતાની સંપત્તિ અને રાજયની સુરક્ષા માટેની લડાઈ હતી.

૧૦મી મે ૧૮૫૭માં ઝાંસીમાં અંગ્રેજોની વિરુદ્ધ વિદ્રોહ શરૂ થઈ ગયો હતો. પૂરન કોરી લશ્કરમાં સૈનિક તરીકે જવાબદારી સંભાળતા હતા વીરતામાં એમનો લશ્કરમાં ડંકો વાગતો હતો. એમની બહાદુરી અને શૌર્ય પર ઝાંસી આખું ઓળઘોળ હતું .પૂરને ઝાંસીના કિલ્લા પરનો કબજો જાળવી રાખ્યો ઉપરાંત ઝાંસીના ખજાનામાંથી ચાર લાખ રૂપિયા પર અને શસ્ત્રાગાર પર પણ કબજો જમાવ્યો. એ ઝાંસીનો વફાદાર એનો બહાદુર સૈનિક હતો. ત્યાં અંગ્રેજ સેનાપતિ ડનલોપનો એણે સામનો કર્યો અને ગોળી મારીને એને ઘાયલ કરી દીધો. ઝાંસી હજુ રાણીના કબજામાં હતું ૭મી જૂન ૧૮૫૭માં કિલ્લા પર નાકાબંધી કરી લેવામાં આવી.

યુદ્ધ એની ચરમસીમા પર હતું. લક્ષ્મીબાઈ જાન બચાવીને ભાગી જવાની પેરવીમાં હતા. પૂરનની પત્ની ઝલકારીબાઈ પણ વીરાંગના હતી. એને પણ તીર-તલવાર ચલાવવાની કુશળ આવડત હતી. એનું કર્તવ્ય લક્ષ્મીબાઈની જાન બચાવવાનું હતું. પૂરન સાથે સાથે રાણી લક્ષ્મીબાઈ અને એમનો દત્તક પુત્ર દામોદર જેને રાણીએ પીઠ પર બાંધીને સૈનિકો સાથે રહી લડતી હતી. ઝલકારીબાઈ ભંડારી ગેટથી ઉન્નાવ ગેટ સુધી લક્ષ્મીબાઈનું રક્ષણ કરે છે તો બીજી તરફ પૂરન સલામત રીતે લડાઈની કમન સંભાળી લે છે.

ઝલકારીબાઈ રાણી લક્ષ્મીબાઈને ભંડારી દરવાજા બહાર સલામત રીતે મોકલી આપે છે તે લક્ષ્મીબાઈ સાવધાની અને સાવચેતી પૂર્વક બીહૂર તરફ નીકળી પડે છે. ઝલકારીબાઈ રાણી લક્ષ્મીબાઈના વેરામાં અને સ્વરૂપમાં ઝનુનથી બે હાથે તલવાર લઈ, વીઝતીં અંગ્રેજ સૈનિકોનો સામનો કરે છે. દરમિયાન પૂરન યુદ્ધમાં અંગ્રેજોને હાથે ગોળીથી શહીદ થાય છે. આ ખબર ઝલકારીને મળે છે અને તે શોકમગ્ન બની જાય છે અને એનું ધૈર્ય તૂટતું જાય છે. આ પરિસ્થિતિમાં અંગ્રેજ અફસર એને ગીરફતાર કરી લે છે. અંગ્રેજ શાસકને તો એમ કે જાણે એણે તો રાણી લક્ષ્મીબાઈને જ પકડી છે એની ઓળખ માટે તેણે જાણકારોને બોલવવામાં આવે છે. ત્યાં ઝાંસી લશ્કરમાંનો એક સૈનિક દુલ્હાજ ફૂટી જાય છે અને ઝલકારીનો પરિચય એ અંગ્રેજ અફસરને કરાવી દે છે.

દુલ્હાજ સર હ્યુરોજને ખાતરી કરાવે છે કે આ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ નથી. પણ એ વેશમાં લડતી ઝલકારીબાઈ છે. પરિણામ સ્વરૂપે અંગ્રેજ અફસર હ્યુરોજ ત્યાં જ ઝલકારીબાઈ પર ગોળીઓનો વરસાદ વરસાવે છે અને ઝલકારીબાઈને મોતને ઘાટ ઉતારી દેવામાં આવે છે. વીરાંગના ત્યાં શહીદ થઈ જાય છે અને ઢળી પડે છે. નહીં તો એની રાજય મેળવવાની ઈચ્છા કે નહીં તો સંપત્તિ મેળવી લેવાની ઈચ્છા. માત્રને માત્ર ઝાંસીની અસ્મિતાના રક્ષણ અને ઝાંસી જેવી માતૃભૂમિને અંગ્રેજો પાસેથી બચાવતાં બચાવતાં એ પ્રાણની આહુતિ આપી દે છે.

જેનું રાજય અને જેની સંપત્તિ છે એવી રાણી લક્ષ્મીબાઈ પોતાનો જાન બચાવવા ભાગી નીકળે છે આખરે એ પણ યુદ્ધભૂમિ પર શહીદ થઈ પૂજાય છે. રાજયની મુક્તિ કાજે જાનફેસ